# अखिल भारत प्राकृतिक जीवन संघ

# અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ

# ALL INDIA NATURAL LIFE ASSOCIATION

H. O. : 39, Jubilee Colony, Bhuj-Kutch. Ph. (02832) 226088 (M) 9825225837
E-mail : allindianatural@yahoo.com
Regd, No. E/1989/Kutch

## *Correspondence Course in Naturopathy and Yogic Science*

AFFIX YOUR PASSPORT SIZE PHOTOGRAPH HERE

REGISTRATION No.

(PLEASE TYPE OR WRITE IN BLOCK LETTERS)

1. NAME IN FULL (MR. / MRS. / MS.)

________________ ________________ ________________

(SURNAME) (NAME) (FATHER'S / HUSBAND'S NAME)

2. DATE & PLACE OF BIRTH : ________________
3. MAILING ADDRESS : ________________
4. TELEPHONE./ MOB. NO. : ________________
5. EDUCATION
   (I) HIGHER LEVEL : ________________
   (II) UNIVERSITY LEVEL : ________________
   (III) ADDITIONAL QUALIFICATION : ________________
   (IV) ACTIVITIES / HOBBIES : ________________
6. PLEASE SEND LESSONS IN (✓) : (ENGLISH / GUJARATI / HINDI)
7. REGISTRATION FEES REMITTED (✓) : (CASH / M.O. / BANK DRAFT)

DATE : SIGNATURE : ________________

1. FORM FEES Rs. 100
2. REGISTRATION FEES Rs.500/- TO BE PAID WITH THE APPLICATION
3. REGISTRATION FEES ARE NON-REFUNDABLE UNDER ANY CIRCUMSTANCE
4. REGISTRATION FEES FOR OVERSEAS STUDENTS IS Rs.1000/- (ONE THOUSAND ONLY)

**FOR OFFICE USE ONLY**

RF. ( )
CF. ( )
TF. ( )

RECEIPT No.

# अखिल भारत प्राकृतिक जीवन संघ

# અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ

# ALL INDIA NATURAL LIFE ASSOCIATION

31-32, Jubilee Colony, Bhuj (Kutch) 370 001. Tel. : 250802, 226088

*N.Y.S. Course ........................ year .......................... Date ........................*

*Dear Aspirant,*

*Hello,*

*Welcome to the Correspondence Course. We are delighted to make you a member of the drive to make Nature healthy by means of Naturopathy. Hope by means of this course you extend your service to not only your family memebrs & yourself, but also to the society. The main aim of this course is to teach the art of natural healing to those who wish to make themselves and others fit and healthy in the most natural way.*

*Your Register No. is .................. Now please state this No. and your complete address, whenever you make any correspondence with us.*

*Today correspondence courses are getting more and more popular. There is a very nice opportunity in this field. After completion of this course one can work at any nature cure centre for 1-3 years and then can start practice. If you are a lover of nature and have the drive to work, you are the right person for this course.*

*We intend to teach you pure nature cure techniques. Apart from this we shall also bring to you other healing techniques and their comparison with nature cure hence the syllabus has these imbided.*

*At the begining of the course, now we are giving you an introduction and information herewith, which shall be useful to you during the one year course. Inspite of all this, if you find any problems or any questions arising during the course, please feel free to call us.*

*The books for reading and reference for this course and the appropriate place to get them has been given below for you :-*

*Book ........................................................................................................ Cost*

*(1) Anatomy & Physiology for Nurses (English) .................................................. 70/-*

*(2) Philosophy & Practice of N.C. (English) by Dr. Henry Lindahan, MD ............................ 95/-*

***Or***

*Nisargopchar Dwara Rogmukti (Hindi & Gujarati) By Dr. Gidivani .................................. 50/-*

*(3) Practical Nature Cure - By Lakshman Sharma ..................................................... 200/-*

***Or***

*Kudrati Upchar (Hindi & Gujarati) By Sharan Prasad ................................................. 30/-*

*(4) Hand Book of Nature Cure - By D. P. Singh ...................................................... 50/-*

***Or***

*Buniyadi Prakrutik Chikitsa (Hindi) By Dr. Singh ................................................... 60/-*

*(5) Nature Cure for Common Disease - By Dr. V. D. Modi ............................................. 50/-*

***Or***

*Rogon Ki Saral Chikitsa (Hindi-English) by Dr. V. D. Modi .......................................... 48/-*

***Or***

*Rogon Ki Prakrutik Chikitsa - By Dr. Singh .......................................................... 60/-*

**[P.T.O.]**

(6) *My Water Cure - By Father Kniep* ........................................ 24/-

***Or***

*Jal Chikitsa (Hindi) By Father Kniep* ........................................ 24/-

(7) *Fasting (English) By Shelton* ........................................ 20/-

***Or***

*Upwas (Hindi & Gujarati) By Shelton* ........................................ 20/-

(8) *Nature Cure - By M. K. Gandhi* ........................................ 05/-

***Or***

*Arogya Ki Kunji (Hindi & Gujarati)* ........................................ 05/-

***Reference Books :***

(1) *Toximea (English - Gujarati) By Dr. Tildon* ........................................ 25/-

(2) *Natural Hygine - By Dr. Shelton* ........................................ 20/-

(3) *Parkrutik Jivan Vigyan (Gujarati & Hindi) By Dr. Savala* ........................................ 30/-

(4) *A set of five books by Dr. Kulranjan Mukherji (Set)*

*(i) Stri Rogon Ki Prakrutik Chikitsa* ........................................ 35/-

*(ii) Sishu Rogon Ki Prakrutik Chikitsa* ........................................ 35/-

*(iii) Abhinav Prakrutik Chikitsa* ........................................ 40/-

*(iv) Dinamdine Rogon Ki Prakrutik Chikitsa* ........................................ 40/-

*(v) Purane Rogon Ki Gruh Chiktisa* ........................................ 40/-

(5) *Practical Nature Cure by K. Lashman Sharma* ........................................ 200/-

*Appropriate place to get these books :*

**AKSHAR BHARTI**

*5, Rajgulab Shopping Center, Bhuj (Kachchh) 370 001 [INDIA]*

*(Ph. (02832) 255649)*

*To order any of the books stated above, send the list of books alongwith the total cost as well as Rs. 20/- towards postage to above address. Please send the money by M.O. / Bank Draft Favouring "Akshar Bharti". If you desire you may procure these books from elsewhere.*

*The correspondence course has a content of 54 lessons, which shall give you a detailed knowledge of Naturopathy and other allied subjects. Lessons shall be sent at regular intervals. Each lesson shall also have the questions pertaining to it, to which you should give the reply within one month. These answers will be assessed by a specialist and shall carry weightage in the final assessment of marks. On the basis of these marks, you shall be made eligible for the practical training and examination to be conducted at the end of the year. You shall send the answers to the questions of all the lessons latest by 15th April.*

*The practical training shall be conducted in the May & June of the coming year and the details shall be notified to you in advance. Sample question papers (previous years) can be ordered in advance. You should read and understand the matter in the lessons and the reference books throughout the year.*

*The course is about to start and if you are willing please send Rs. 500/- + Rs. 1400/- (Rs. 800/- + Rs. 4000/- or equivalant foreign currency for overseas students), so that we can give you the Registration No. & send you the lessons. The fees should be sent by M.O. or Bank Draft so as to reach us before 15th August. Please send the fees payable to "All India Natural Life Association Gandhidham", for which you shall get a stamped receipt.*

*The answers to the lessons, any correpondence M.O. or Draft etc. should be sent to the address given below :*

***Dr. Jay Sanghvi (Secretary)***
***All India Natrual Life Association,***
*39, Jubilee Colony, Bhuj (Kutch) 370 001.*

*Best wishes to you for the N.Y.S. course and for successes after that.*

*with Regards,*
*Yours,*
***Dr. Jay Sanghvi***

# अखिल भारत प्राकृतिक जीवन संघ

# અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ

# ALL INDIA NATURAL LIFE ASSOCIATION

૩૯, જ્યુબીલી કોલોની, ભુજ - કચ્છ. ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૮૮

રજી. નં. E / 1989 / Kutch.


પ્રિય

જીજ્ઞાસુ ભાઈશ્રી / બહેનશ્રી

સાદર,

આ સાથે આપને કુદરતી ઉપચાર પ્રશિક્ષણ કોર્ષની વિગતો મોકલી રહ્યા છીએ. ઘેર રહી અભ્યાસ કરવાનો પત્રાચાર કોર્ષ છે, જે એક વર્ષમાં પૂરો કરવાનો છે. અમો આપને મોકલતા રહીશું. જેમાં લેશનના અંતે પૂછેલ પ્રશ્નોના જવાબો આપે શોધીને મોકલવાના હોય છે. લગભગ ૫૪ જેટલાં લેશન વર્ષ દરમ્યાન મોકલીશું. એક વર્ષ ઘેર અભ્યાસ પૂરો કર્યા પછી આપને એક મહિનો પ્રેક્ટીકલ ટ્રેનીંગ તેમજ પરીક્ષા માટે બોલાવવામાં આવશે. તે દરમ્યાન જુદા જુદા વિષયોના નિષ્ણાતોના ક્લાસ ચલાવવામાં આવશે. ટ્રેનીંગ દરમ્યાન પરીક્ષા લેવામાં આવશે. ઉત્તીર્ણ વિદ્યાર્તીઓને સર્ટીફિકેટ આપવામાં આવશે.

**એન. વાય. એસ અભ્યાસ ક્રમની વિગતો :**

આયોજક : અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ તથા જીવન નિર્માણ અકાદમી, ભુજ-કચ્છ.

ભાષા : લેશન્સ હિન્દી, અંગ્રેજી તથા ગુજરાતીમાં મળી શકશે. મોકલેલ પ્રશ્નોના જવાબો / પત્ર વ્યવહાર અંગ્રેજી / ગુજરાતી / હિન્દીમાંથી કોઈ પણ ભાષામાં કરી શકો છો.

ટીચર્સ : કોર્ષને તૈયાર કરવામાં વિશ્વનું નિસર્ગોપચાર અંગેનું શ્રેષ્ઠ સાહિત્યનો ઉપયોગ કરી કોર્ષ તૈયાર કરેલ છે. પ્રેક્ટીકલ ટ્રેનીંગ વખતે પણ નિસર્ગોપચારના તથા અન્ય વિવિધ વિષયોના નિષ્ણાતોની સેવા લેવામાં આવે છે.

સમય : એક વર્ષ ઘેર રહી પુસ્તકોનું વાંચન તથા અહીંથી મોકલવામાં આવતાં લેશનોનો અભ્યાસ કરવાનો રહે છે. ત્યારબાદ નિયત સમયે પ્રેક્ટીકલ ટ્રેનીંગ તથા પરીક્ષા માટે બોલાવવામાં આવશે. જેમાં એક મહિનાના ટ્રેનીંગ ક્લાસનું આયોજન કરવામાં આવશે.

ફી : ફોર્મ ફી રૂા. ૧૦૦/-, રજી. ફી રૂા.૫૦૦/-, વિદેશ માટે રૂા. ૧૦૦૦/-
કોર્ષ ફી રૂા. ૧૫૦૦/-, વિદેશ માટે રૂા. ૫૦૦૦/-,
પ્રેક્ટીકલ ટ્રેનીંગ ફી રૂા. ૧૫૦૦/- ભોજન તથા આવાસ ફી અંદાજિત રૂા. ૧૦૦ એક દિવસના.
રજીસ્ટ્રેશન ફી આવ્યેથી નામ રજીસ્ટર કરી આપને કોર્ષ ફી મોકલવા માટે પત્ર લખવામાં આવશે. કોર્ષ ફી મળ્યેથી કોર્ષના લેશન વગેરે મોકલવાનું શરૂ થશે. તેમજ પ્રેક્ટીકલ ટ્રેનીંગ ફી વર્ષના અંતે ભરવા માટે આપને અગાઉથી જાણ કરવામાં આવશે.

એડમીશન લાયકાત : કોઈ પણ બ્રાન્ચના ૧૨ ધોરણ પાસ નિસર્ગોપચારમાં રસ અને શ્રદ્ધા ધરાવનાર નિર્વ્યસનીને પ્રવેશ આપવામાં આવશે. બે ફોટોગ્રાફ તથા સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ તથા ધો.૧૨ પરીક્ષાની માર્કસીટની ટ્રુ કોપી એડમિશન ફોર્મ સાથે અવશ્ય મોકલવા.

સર્ટીફિકેટ : ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીને **અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ** તરફથી (એન.વાય.એસ.)નું સર્ટીફિકેટ આપવામાં આવશે.

સ્થળ : પ્રેક્ટીકલ ટ્રેનીંગનું સ્થળ ભુજ અથવા અન્ય સ્થળ રાખવામાં આવશે. જેની અગાઉથી જાણ કરવામાં આવશે.

ચૂકવણું : રોકડા/ડ્રાફ્ટ/ચેક **'અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ'**ના નામથી નીચેના એડ્રેસ પર મોકલવાનો રહેશે તેમજ તેની પાકી પહોંચ મેળવી લેવાની રહેશે.

અભ્યાસક્રમ : એક સારા કુદરતી ઉપચારક બનવા અંગે જરૂરી દરેક પાસાઓને આવરી લેતો ઝીણવટતાથી અભ્યાસક્રમ તૈયાર કરેલ છે. પુસ્તકો તથા તૈયાર લેશન આ હેતુને યોગ્ય ન્યાય આપી શકે તે રીતે સીલેક્ટ કરેલ છે. નિસર્ગોપચાર-યોગ-વ્યાયામ-મેગનેટ થેરાપી-એક્યુપ્રેશર-મસાજ થેરાપી-ડાયટ થેરાપી-હાઈડ્રો થેરાપી-લાફીંગ થેરાપી-સીયાત્સુ વિગેરે તેમજ ધ્યાન અંગેનું પ્રશિક્ષણ મળે તે રીતે ગોઠવ્યું છે તથા પ્રાણ ઉર્જા આધારિત ચિકિત્સા પદ્ધતિઓ જેવી કે, પ્રાણિક હીલીંગની માહિતી આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| પત્રવ્યવહાર | : | બધો જ પત્રવ્યવહાર મનીઓર્ડર મોકલવા તથા પૂછપરછ અન્ય માહિતી અંગે સંપર્ક એડ્રેસ :<br>**દિનેશ મુંદડા (સંયોજક)**, ૩૯ - જ્યુબીલી કોલોની, ભુજ (કચ્છ) ૩૭૦ ૦૦૧.<br>ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૮૮, (મો.) ૯૪૨૭૨ ૦૧૧૫૧ |
| નોંધ | : | એડમીશન ફોર્મ તથા માહિતી પત્રક મેળવવા માટે રૂા.૧૦૦/- મની ઓર્ડરથી મોકલવા વિનંતી. |

## ભુજ ઉપરાંત નીચે દર્શાવેલા નેચરોપેથી સેન્ટરો પર વિશેષ માહિતી માટે સંપર્ક કરી શકો છો.

| | | |
|---|---|---|
| **ગાંધીધામ** | : | શ્રી બહાદુરભાઈ ભાગ્યા, સી-૪૬, એન.યુ.-૧૦-બી, ગાંધીધામ (કચ્છ)<br>(મો.) ૯૪૨૬૨ ૧૭૩૨૨ |
| **બીદડા** | : | ડૉ. શૈલેન્દ્ર ચતુર્વેદી, બીદડા સર્વોદય ટ્રસ્ટ કુદરતી ઉપચાર કેન્દ્ર, ગામ-બીદડા, તા.માંડવી (કચ્છ)<br>ફોન : (૦૨૮૩૪) ૨૪૪૬૫૦ / ૨૪૪૪૪૪ (મો.) ૯૮૨૫૯ ૯૨૯૩૯ |
| **મુંદરા** | : | ડૉ. ચંદ્રકાન્ત પંડ્યા, કુદરતી ઉપચાર કેન્દ્ર, મુન્દ્રા (કચ્છ) ફોન : ૨૨૨૨૧૯. |
| **ખારોઈ** | : | શ્રી શાંતિલાલ જેઠવા, "આનંદ ધામ", ખારોઈ કુદરતી ઉપચાર કેન્દ્ર, ખારોઈ (કચ્છ).<br>ફોન : (૦૨૮૩૭) ૨૮૬૮૧૨ |
| **અમદાવાદ** | : | શ્રી શ્યામભાઈ દેખણે (યોગ ટીચર), એ-૫-૮૨, ગોયલ ઈન્ટરસીટી, શાલ હોસ્પીટલની પાછળ,<br>ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૩૦૯૨૧૩૭૪ (મો.) ૯૩૨૭૦ ૮૯૭૩૭. |
| **અમદાવાદ** | : | શ્રી વર્ધીભાઈ ઠક્કર, ૧૪/૮, અશ્વીન શોપીંગ સેન્ટર, ફતેહનગરની સામે, પાલડી,<br>અમદાવાદ ૩૮૦૦૦૭. ફોન : (૦૭૯) ૨૬૬૩૦૫૩૫ / ૨૬૬૦૯૫૩૪ (મો.)૯૪૨૬૪ ૮૪૯૧૦ |
| **મહેસાણા (અમીપુરા)** | : | ડૉ. ચિરાગ શાહ, શંકુ નેચર ક્યોર સેન્ટર, શંકુ વોટર પાર્ક, મહેસાણા<br>ફોન : (૦૨૭૬) ૨૨૮૨૩૫૧ |
| **પાટણ (ઉ.ગુજરાત)** | : | ભરતભાઈ પટેલ, ઘર નં.૩૧૦૭૮, પટેલનો માળ, શ્રીરામ શોપ, ખોખરવાડો,<br>(મો.) ૯૮૨૪૫ ૧૭૯૬૧ |
| **વલસાડ** | : | ડૉ. અલકા જોષી, ૨૦૧ 'કળશ', લાલ સ્કૂલ સામે, હાલાર રોડ, વલસાડ-૩૯૬ ૦૦૧<br>ફોન : ૨૪૧૦૬૮ (ઘર) ૨૪૧૦૯૯ |
| **કેશોદ** | : | ડૉ. સૌરભ ત્રિવેદી, સુભાષ સર્વિસીઝ, રામ ચેમ્બર્સ, પોસ્ટ ઓફિસની સામે, (મો.) ૯૮૭૯૪ ૪૩૭૭૬ |
| **મુંબઈ** | : | રમણીકભાઈ કે. ગડા, ૭/૨, "નમ્રતા" નાયકવાડી, આર્યરોડ, ગોરેગાંવ(ઈ.) મુંબઈ ૪૦૦૦૬૩.<br>ફોન : (ઓ) (૦૨૨) ૨૮૭૭૫૧૫૧ (ઘ.) ૨૮૭૫૫૭૩૬ (મો.) ૯૮૨૦૬ ૨૨૭૪૧ |
| **નાઈરોબી** | : | શ્રી દિનેશ વરસાણી, પો. બોક્સ નં. ૩૭૪૧૫, નાઈરોબી કેન્યા.<br>યોગેશ દોશી : ફોન : ૦૦૨૫૪૨ ૭૫૧૬૦૬ |
| **અમેરિકા** | : | સુચિતાબેન પટેલ, 1500 (E) રીવર રોડ, ડૉ. એપાર્ટમેન્ટ, નં. 814, ઓસ્ટીન TX - 78741, USA.<br>Ph. +1-512-670-3753 / +1-512-669-2521 |

| | |
|---|---|
| મહામંત્રી | પ્રમુખ |
| **ડૉ. જય સંઘવી** | **સુગ્નારામ લાડકાણી** |

# अखिल भारत प्राकृतिक जीवन संघ

# અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ

# ALL INDIA NATURAL LIFE ASSOCIATION

## સંસ્થા પરિચય

પર વર્ષ પહેલાં સ્થપાયેલ કચ્છ કુદરતી જીવન સમિતિ એ આજની અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ સંસ્થા છે. જેના સ્થાપક દાદા સુગ્નારામ લાડકાણી છે. કચ્છના પ્રાકૃતિક પ્રેમીઓ દ્વારા આ સંસ્થાની સ્થાપના ગાંધીધામમાં થઈ. સંસ્થાની સ્થાપના સમયે ૧૯૫૪માં તત્કાલિન રાજ્યપાલ શ્રીમન્નનારાયણ તથા મદાલસા બહેન પધારેલ, આદરણીય શ્રીમન્નનારાયણજી, ડૉ. શરણપ્રસાદજી, યોગાચાર્ય શ્રી મનુવર્યજી મહારાજ આ સંસ્થા સાથે શરૂઆતથી જ જોડાયેલા રહ્યા છે. ધીમે ધીમે આ સંસ્થાએ પોતાનું કાર્ય ફલક ગુજરાત વ્યાપી બનાવ્યું તેથી તેને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક જીવન સંઘ અને ૧૯૯૭થી સંસ્થાએ કાર્યક્ષેત્ર વધારવાનું નક્કી કરી અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ નામ આપેલ.

પ્રાકૃતિક જીવન અને પ્રાકૃતિક ઉપચારોમાં રસ ધરાવનાર મિત્રો દ્વારા આ સંસ્થાની સ્થાપના થઈ. આ સંસ્થા નૈસર્ગિક જીવન પદ્ધતિમાં વિશ્વાસ ધરાવતા મિત્રોનું સંગઠન છે અને ટ્રસ્ટ એક્ટ હેઠળ રજી. સંસ્થા છે. શરૂઆતથી સંસ્થા શરૂ કરનાર મિત્રોએ વિચારેલ કે આ સંગઠનને પ્રાકૃતિક પ્રેમીઓનું નાનું એવું મુક્ત સંગઠન રાખી શકાય તેવું કાર્ય કરતા રહેવું. મુખ્યત્વે પોતાનું જીવન શક્ય તેટલું કુદરતને સુસંગત રાખવા પ્રયત્ન કરવો તથા અન્યને માટે પ્રેરણા આપવી અને તે માટે જરૂરી સાહિત્ય, લેક્ચર્સ, સેમીનાર્સ, અભ્યાસ વર્તુળો અને કેમ્પોનું આયોજન કરી અને આ વિચારને વધારે લોકો સુધી પહોંચાડવો.

**ઉદ્દેશ** : સંસ્થા દ્વારા નૈસર્ગિક જીવન, સજીવ ખેતી, પર્યાવરણ સંતુલન, નૈસર્ગિક પદ્ધતિનો પ્રચાર પ્રસાર કરવો તથા આરોગ્ય ક્ષેત્રે જન સમાજને સ્વાવલંબી બનાવવા પ્રયત્ન કરવો.

**પ્રવૃત્તિઓ** :

૧. નૈસર્ગિક જીવન - ઉપચાર અંગે લોકોમાં સમજ તથા જાગૃતિ આવે તે માટે સંસ્થાના સક્રિય કાર્યકરો દ્વારા સ્કૂલ-કોલેજો, મહિલા મંડળ, જુદી જુદી ક્લબો, સંસ્થાઓ, ગ્રામસભાઓ વિગેરેમાં આ ઉદ્દેશ્યને લઈ વ્યાખ્યાનો, શિબિરો, સંમેલનો, જ્ઞાનસત્રો અને સેમીનાર ગોઠવવામાં આવે છે.

૨. નૈસર્ગિક જીવન, નૈસર્ગિક ઉપચાર, પર્યાવરણ, આરોગ્ય સ્વાવલંબન, સજીવ ખેતી વિગેરેમાં રસ ધરાવનાર મિત્રો એકબીજાને મળે, ઓળખે અને વિચારોનું આદાન-પ્રદાન કરી શકે તે માટે દર વર્ષે જ્ઞાનસત્રનું આયોજન સંસ્થા કરે છે. જેમાં ૩૦૦થી વધારે રસ ધરાવનાર મિત્રો એકઠા થાય, નિષ્ણાતોનાં લેક્ચર્સ ગોઠવાય છે. આવા ૧૧ સંમેલનો આ સંસ્થા દ્વારા ગોઠવવામાં આવ્યાં છે.

૩. કુદરતી જીવન - ઉપચાર પદ્ધતિની સમજણ આપવા માટે ઉપયોગી એવાં પ્રકાશનો પ્રકાશિત કરવાં કે તે માટે ઉપયોગી થવું, ૧૦ જેટલા નૈસર્ગિક જીવન - ઉપચાર માટે ઉપયોગી પુસ્તકો આ સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ છે.

૪. પ્રાકૃતિક જીવન પદ્ધતિ, પર્યાવરણ, આરોગ્ય સ્વાવલંબન વિગેરે વિષયોને પ્રાધાન્ય આપતું 'જીવનસુધા' નામનું સામયિક દર બે મહિને આ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૫. આરોગ્ય સ્વાવલંબન અને નિસર્ગોપચાર દ્વારા જુદા જુદા રોગોની સારવાર માટેના ૧૦ થી ૩૦ દિવસના કેમ્પો સંસ્થાએ ભારતના મોટા ભાગનાં મુખ્ય શહેરો તેમજ વિદેશમાં આયોજીત કરેલા છે. હજુ પણ જરૂરત અને માગણી મુજબ કેમ્પો અને સેમીનારોનું આયોજન કરાય છે.

૬. સંસ્થા દ્વારા નેચરોપેથીનો સર્ટીફિકેટ કોર્સ ચલાવવામાં આવે છે. ૧૯૮૯થી આ કોર્ષ શરૂ કરેલ છે. દર વર્ષે એક બેચ બહાર પડે છે. આ એક વર્ષનો પત્રાચાર કોર્ષ છે. આ કોર્ષનો હેતુ આરોગ્ય સ્વાવલંબન અને સ્વયં સ્વસ્થ રહેવાની કળાનો પ્રચાર-પ્રસાર કરવાનો અને તે દ્વારા સ્વસ્થ સમાજ નિર્માણ કરવાનો છે.

આ સંસ્થા કોઈ સરકારી સહાય કે દાન ઉપર ચાલતી નથી. સંસ્થાના સભ્યો જુદા જુદા કાર્યની જવાબદારી સ્વયં સંભાળે છે.

**પ્રમુખ** : ડૉ. સુગ્નારામ લાડકાની (ગાંધીધામ - કચ્છ). **સર્વોદય વિચારને વરેલા સ્વાતંત્ર્ય સેનાની**
**મહામંત્રી** : ડૉ. જય સંઘવી (ભુજ - કચ્છ). જાણીતા પ્રાકૃતિક ચિકિત્સક
**મેગેઝીન વિભાગ** : 'જીવન સુધા' તંત્રી : શ્રી રમેશ સંઘવી.
**પરામર્શક** : ડૉ. સુગ્નારામ લાડકાની, ડૉ. જય સંઘવી, ડૉ. જીવણલાલ ગાંધી, બહાદુરભાઈ ભાગ્યા.
**કોર્ષ વિભાગ** : **કોર્ષ માર્ગદર્શક** : ડૉ. જય સંઘવી. **કોર્ષ સંચાલક** : શ્રી બહાદુરભાઈ ભાગ્યા, ડૉ. શૈલેન્દ્ર ચતુર્વેદી
**ટીચર્સ** : ડૉ. સુખબીરસિંહ, શ્રી વીરૂબેન ભુડીયા, યોગાચાર્ય, શ્યામભાઈ દેખણે, ડૉ. જય સંઘવી, ડૉ. નિપૂણ બુચ, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી કેશુભાઈ વાળા, શ્રી રમણીકભાઈ ગડા.
**સંમેલન** : શ્રી વર્ધીભાઈ ઠક્કર, શ્રી દિનેશ મુંદડા, શ્રી રમણીક ગડા, ડૉ. ચંદ્રકાન્ત પંડ્યા.
**ચિકિત્સા શિબિરો તથા નૈસર્ગિક જીવન તાલીમ વર્ગો** : દાદા સુગ્નારામ લાડકાની, ડૉ. જય સંઘવી, શ્રી વર્ધીભાઈ ઠક્કર.
**ઓફિસ તથા વ્યવસ્થા** : સંસ્થાની મુખ્ય ઓફિસ ભુજમાં છે. ઓફિસ ફોન, ફેક્સ અને કોમ્પ્યુટર જેવા ઉપકરણોથી સજ્જ છે. બધી પ્રવૃત્તિનું સંચાલન આ ઓફિસમાંથી જ થાય છે.

## પ્રશ્નોત્તરી

**૧. કુદરતી ઉપચારના કોર્ષમાં દાખલ થવાની લાયકાત શું છે ?**
કોઈ પણ વિદ્યાશાખામાં ૧૨ ધોરણ પાસ નિસર્ગોપચારમાં રસ લેનાર નિર્વ્યસનીને પ્રવેશ અપાય છે. કેટલાક કિસ્સામાં અભ્યાસ કરતાં રૂચિ તથા આ ક્ષેત્રને અનુભવને પ્રાધાન્ય આપી પ્રવેશ આપવામાં આવે છે.

**૨. આ કોર્ષ સરકાર માન્ય છે ?**
આ કોર્ષ સરકાર કે કોઈ યુનિવર્સિટી તરફથી કે તેની માન્યતાથી ચલાવવામાં નથી આવતો. આ કોર્ષ અખિલ ભારત પ્રાકૃતિક જીવન સંઘ નામની રજીસ્ટર સંસ્થા છે, જે કેટલાક મિત્રોના સહિયારા પ્રયાસથી ચાલે છે તથા તેના દ્વારા ચલાવાય છે.

**૩. આ કોર્ષ કર્યા પછી ડૉક્ટર લખી શકાય ?**
ના, કેમ કે આ કોર્ષ નિસર્ગોપચારનું પ્રારંભિક જ્ઞાન અથવા નિસર્ગોપચાર ક્ષેત્રમાં શરૂઆત કરવા માટે છે. આ વિષયમાં નિપુણતા મેળવવા નિષ્ણાત બનવા આ ક્ષેત્રમાં આગળ અભ્યાસ તથા પ્રત્યક્ષ તાલીમ લેવી જરૂરી છે.

**૪. કેટલીક સંસ્થાઓ ઘર બેઠા નિસર્ગોપચારની ડીગ્રી આપે છે અને ડૉક્ટર લખાવે છે ?**
આવું કરવું ખોટું છે. તેનાથી ખોટો ભ્રમ પેદા થાય છે. આવા કોઈ કોર્ષ સરકાર માન્ય કોર્ષ નથી, રજીસ્ટ્રેશન નંબર પણ સરકારશ્રીના નહીં પણ પોતાની સંસ્થાના હોય છે. આ બધામાં ફસાવું નહીં.

**૫. આ સંસ્થા આ કોર્ષ શા માટે ચલાવે છે ?**
સંસ્થાનો મુખ્ય ધ્યેય કુદરતી જીવન પદ્ધતિનો પ્રચાર કરવાનો છે. આ કોર્ષ મારફત નિસર્ગોપચારની જાણકારી લોકભોગ્ય કરવાની છે.

**૬. શું આ કોર્ષ કર્યા બાદ દવા લખી કે આપી શકાય ?**
ના, આ કોર્ષ ફક્ત પ્રાકૃતિક જીવન જીવવાની કળાના પ્રચાર માટેનો છે તેથી કોઈ પણ પ્રકારની દવા (એલોપથી, હોમીયોપથી, આયુર્વેદ, યુનાની વગેરે) લખી કે આપી શકાય નહીં. આ અભ્યાસનો હેતુ આરોગ્ય પ્રચારકો તૈયાર કરવાનો છે.

**૭. આપ આ કોર્ષ કરવાની ઈચ્છા ધરાવો છો ?**
તો અવશ્ય અમારી સંસ્થાનો સંપર્ક કરો અને આ રચનાત્મક લોક ઉપયોગી કાર્યોમાં આપ પણ સહભાગી બનો અને સંસ્થાના પરિવારમાં જોડાઈ પ્રાકૃતિક જીવન પદ્ધતિના પ્રચારક બનો.

| મહામંત્રી | કાર્યકારી પ્રમુખ | પ્રમુખ |
|---|---|---|
| **ડૉ. જય સંઘવી** | **બહાદુરભાઈ ભાગીયા** | **સુગ્નારામ લાડકાણી** |